જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨ /૧૦/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૯૮ લીટર દેશી દારૂ, ૨૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૭૨૬ બિયર ટીન કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૬**

માધવપુરાઃ પ્રિતેશ અતુલકુમાર આદેશરા (ઉ.વ.૪૧) (રહે. દેવનંદન રેસીડેન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૧૧/૧૦/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ નમસ્તે સર્કલ નજીક સુમેલ–૧૧ બીજો માળ એફ–૨૨૫ ખાતે આરોપી નીતીન અગ્રવાલ જેઓની ઓફીસનું સરનામુ (૧) "વંડર ડીઝાયર ઈન્ટરનેશનલ હોલીડે" બી પ્રકૃતિ કોર્પોરેટ રેસકોર્સ એરીયા યશવંત નિવાસ રોડ ઈન્દોર મધ્યપ્રદેશ તથા (૨) "વંડર ડીઝાયર ઈન્ટરનેશનલ હોલીડે" યુજી ૨૫ બંસી ટ્રેડ સેન્ટ્ર એમ.જી.રોડ ઈંદોર મધ્યપ્રદેશ) નાઓએ પ્રિતેશ આદેશરા તેમજ અન્ય ૪૦ થી ૭૦ વેપારીઓને બાલી ઈન્ડોનેશીયા ખાતે ટુરમાં લઈ જવાનું કહી પ્રિતેશ આદેશરા પાસેથી ટીકીટના એડવાન્સ કુલ રૂપિયા ૧૧,૩૮,૫૦૦/– મેળવી લીધા હતા, ત્યારબાદ અલગ–અલગ બહાના બતાવી ટુર પેકેજનો ચાર્જ વધારી પ્રિતેશ આદેશરા તથા અન્ય વેપારીઓને બાલી ઈન્ડોનેશીયા ખાતે ટુરમાં નહી લઈ જઈ તેમજ ટુર પેટે ટીકીટના એડવાન્સ લીધેલ રૂપિયા પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.સી.રાઠવા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૬**

રામોલઃ અલ્પેશભાઇ વિઠ્ઠલભાઇ પ્રજાપતિ (રહે. કૃષ્ણકુંજ સોસાયટી અંજલી સ્કુલ પાસે સુરેલીયા રોડ રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૩૦ થી તા.૧૧/૧૦/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પાટ નીચે રાખેલ ટંકનું તાળુ તોડી ટંકમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૫૬,૦૦૦/– તથા ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૩૯/૨૦૨૬**

ચાંદખેડાઃ ઘાટલોડિયા જનતાનગર ફાટક પાસે કાચા છાપરાંમાં રહેતા સચીન સ/ઓ રમેશ ગરાસીયા (ઉ.વ.૧૯)(મુળ વતન. ગરાસીયા ફળિયુ ગામ–કાકરાકુવા તા–લીબંડી દાહોદ) તા.૧૧/૧૦/૨૦૨૬ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા જગતપુર ચાર રસ્તા પાસે "બ્લ્યુ વેલ" નામની સાઈટ ખાતે ઘોડો (એસ ફેમ) ઉચકીને જતા હતા ત્યારે બાજુમાં ઈલેકટ્રીક બોર્ડ પડેલ હોય જેમા ગ્રેન્ડરનો વાયર લાગેલ હોય જે વાયર અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને જગતપુર જેન્સીવ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૪૦/૨૦૨૬**

ચાંદખેડાઃ સંજય સ/ઓ નહારસિંઘ ચૌધરી (ઉ.વ.૪૦) (રહે. કુલ સ્ટોપ સોસાયટી વિજળી કર્મચારી સોસાયટી પાસે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૬ સવારના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ઝાડની ડાળી સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરસોતમભાઈ ચલાવે છે.

સેટેલાઈટઃ પ્રિતેશ ભાનુભાઈ ભોપે (ઉ.વ.૩૭) (રહે. સ્વયંભુ એપાર્ટમેન્ટ સહજાનંદ કોલેજ પાછળ આઝાદ સોસાયટી સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૬ કલાક ૮/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળોફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઈટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાઘાભાઇ જુઠાભાઇ ચલાવે છે.

વટવાઃ અબ્દુલલતીફ સ/ઓ અબ્દુલરજાક શેખ (ઉ.વ.૩૬) (રહે. વસંતગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૬ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૦/૨૦૨૬ ના કલાક ૦૯/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એન.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી